
જય સચ્ચિદાનંદ

# નિર્વાણ સ્મરણિકા


(બ્રહ્મલીન : ૧૪-૫-૨૦૦૦)



પ.પૂ. શ્રી ૧૦૦૮ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહામંડલેશ્વર
સ્વામીશ્રી અખંડાનંદ સાગર મહારાજશ્રી
વેદાંતાચાર્ય

www.OmShreeMadhavanandji.org

॥ ૐ શ્રી સદ્‌ગુરૂ પરમાત્માને નમ : ॥



પ.પૂજયશ્રી માધવપિઠાધીપતિ
સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ
વેદાંતાચાર્ય

www.OmShreeMadhavanandji.org

# SAUJANYA

E-Book Conversion Suggested & Managed by

Shree Babubhai Vallabhbhai Mangukiya - Gariyadhar

Technical Support by

Prashant Babubhai Mangukiya
Kalpesh Babubhai Mangukiya

General Support & Help by

Shree Akhandanand Sagar Yuvak Mandal, Surat

Book's Printed Copy Provided by

Shree Madhavanand Ashram
Shree Sachchidanand Sevak Mandal Trust, Surat

**Price: Precious, Inestimable**

**FREE Download from**
**www.OmShreeMadhavanandji.org**

Use E-Book



Go Green



Save Paper



Save Tree



Save Earth

**Disclaimer:** This e-book is available for free download from official website of Shree Madhavanand Ashram (Shree Sachchidanand Sevak Mandal Trust) www.OmShreeMadhavanandji.org only. You can download this e-book for personal use and gaining knowledge about Shree Madhavanand Ashram. This e-book Can Not be used for Sell, Print or any other Commercial purpose that will generate direct or indirect income for individual or company by any means. Also content from this e-book or same Can Not be copied to use in other publications, website, blog post, articles or any other purpose. Please do not post this ebook on other website for download or do not forward it by email attachments or any other means. You can send our website url to your friends & family for download e-book from there.

# નિર્વાણ–સ્મરણિકા

न प्रहृष्येत्प्रियं प्राप्य नैद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद् बह्मणि स्थितः ।।



પરમ પૂજ્ય શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ
બ્રહ્મલીન : ૧૪/૫/૨૦૦૦

www.OmShreeMadhavanandji.org

# આમુખ

પરમ પુજય અખંડાનંદ સાગરજી મહારાજ બ્રહ્મલીન થયા, પરંતુ મુમુક્ષજનો અને શ્રી સચ્ચિદાનંદ સેવક સમાજનાં હ્દય વિષે અહર્નિશ બિરાજીત રહેશે.

પુજય શ્રીનાં જીવન-કવન અને ધર્મોપદેશ સર્વે સેવકજનોને તથા મુમુક્ષોને હરહંમેશ હસ્તગત રહે અને પુજયશ્રીની હિતોપદેશની રત્ન મંજરીસમી વાણીનો સાર-સંચયથી પ્રવર્તમાન તેમજ પેઢી દર પેઢી પણ લાભાન્વીત થાય તેવાં મુખભૂત ધ્યેય સાથે આ સ્મરણિકા પ્રકાશીત કરવાનું પ્રયોજેલ છે.

આ સ્મરણિકા પ્રકાશિત કરવાનાં સૌજન્ય અમોને સદ્ભાગ્યે સાંપડયુ છે જેથી નમ્ર ભાવે સુજ્ઞ વાંચકોનો અને આ સ્મરપિકા પ્રકાશિત કરવા સંકલનમાં જેઓએ પ્રદાન કરેલ છે તેઓ પણ પુજય અખંડાનંદ સ્વામી મહારાજનાં આશિર્વાદ પ્રાપ્ત થાય તેવું પ્રાર્થુ છું.

આપનો ભવદીય...

જીવરાજભાઇ રામજીભાઇ પટેલના

જય સચ્ચિદાનંદ

**એકતાથી ધર્મ, દેશ અને સંસ્કૃતિની શોભા છે**

www.OmShreeMadhavanandji.org

# જ્યોતિર્મય જીવન-કવન

રજુ. વિઠ્ઠલભાઇ (જીવ) વચાવાળા

ભારતિય સંસ્કૃતિનાં દવજને લહેરાતો રાખવામાં ભારત વર્ષની પવિત્ર ભુમિમાં અનેક સંતોએ પાયાનું કામ કર્યું છે. ભારતની અમર સંસ્કૃતિ આવા સંતોનાં જીવન અને કવનથી ઉજ્જવળ રહેલ છે. પરમાત્માની પાસે લઇ જતાં કેડી રૂપ આવા મહાન સંતો છે. આ પથ પર ચાલનાર પરમાત્માની ઓળખ મેળવી જીવનને સત્યં શિવં સુન્દરમ્ અને ધન્ય બનાવી શકે છે.

આવા પરમજ્ઞાની પ્રખર તત્ત્વવેતા, મહામંડલેશ્વર શ્રી ૧૦૦૮ શ્રોત્રિય બ્રહ્મનિષ્ટ, પરમશ્રદ્ધેય, વંદનિય, અર્ચનિય, પ્રાતઃસ્મરણીય પરમહંસ, પરિવ્રાજકાચાર્ય, અદ્વૈત સિધ્ધાંત ગુરૂ પરંપરાનાં શ્રી માધવપીઠાધિપતી સદ્દગુરૂવર્ય, પુજયપાદ સ્વામિ શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો જન્મ ૧૯૪૫નાં ૧૮મી જુનના શુભદિને પાવન પીપળીયા ગામે, (તાલુકો સિહોર જીલ્લો ભાવનગર) થયો હતો. પુજય સ્વામીજીનું પૂર્વાશ્રમનું નામ આંબાભાઇ હતું પિતાશ્રીનું નામ જગજીવન (જગાબાપા)અને માતુશ્રીનું

**અદ્રશ્યને જેઓ જોઇ શકે છે, તેઓ જ અશકયને આચરી શકે છે**

www.OmShreeMadhavanandji.org

નામ પુંજીબા ઉર્ફે દવલબા હતું.

પૂ. સ્વામીશ્રી (આંબાભાઇ) બાલવયથી જ સ્વામિશ્રી શિવોહંસાગરજી મહારાજનાં અનન્ય ભકત હતા. સોળ વર્ષની નાની વયમાં જ બ્રહ્મચર્યની દિક્ષા લીધી અને અખંડાનંદ સાગર નામ ધારણ કર્યું. પુજયશ્રીએ પોતાનાં જીવનકાળ દરમિયાન સેવકોને એવં શિષ્યોને જે અમુલ્ય જ્ઞાન આપ્યું છે. તે જોતાં પુજયશ્રીની મહાનપ્રજ્ઞા, અવિરત કાર્યપદ્ધતિ અને સરળતા માટે અપ્રતિમ પુજયભાવ થાય એ સ્વાભાવિક છે. પુજય સ્વામીશ્રી શિસ્તનાં આગ્રહી હતા. દશનામ આદિ શંકરાચાર્ય, અદ્વૈત સિદ્ધાંત, ગુરૂપરંપરાના આત્મસાક્ષાત્કારનાં ઉપાયનો નિચોડ પુજય શ્રી અખંડાનંદ સાગરજી મહારાજનાં સમગ્ર જીવનમાં ઓતપ્રોત થયેલો દેખાય છે. પુજય શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ ઉચ્ચકોટિના સંત હતાં. ભારતિય તત્વજ્ઞાનનાં સિદ્ધાંતોને મુર્તિમંત કરતાં મહાન તત્વજ્ઞાની મહાત્મા હતાં.

વેદ, ગિતા, ઉપનિષદને પ્રમાણ રાખી સત્ય આચાર અને ઉપદેશનું ઐકય જાળવ્યું હતું. પુજયશ્રીનાં જીવનમાં નિષ્કામ કર્મ, માનવતા, આત્મજ્ઞાન જે પરમાત્મ પ્રાપ્તિનાં સાધનો હતા તેના સુંદર અને સુઘટિત મેળ હતો. પુજયશ્રી



www.OmShreeMadhavanandji.org

પારસ હતા, જેઓના સ્પર્શશ્રી અને મુમુક્ષોનાં જીવનમાં આમુલ પરિવર્તન આવી ગયું હતું. પુજયશ્રી દિવાદાંડી રૂપ પથદર્શક હતા. ઉંડા અને અંધારા સાગરમાં અથડાતા કુટાતા અનેક માનવીઓની જીવન નૌકા તારી હતી. પુજયશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનથી અનેક જીવોનાં જીવનપથ ઉજળાવ્યા હતા. માનવને પોતાની અંદર રહેલાં આત્મતત્વને ઓળખવાનો મહામાર્ગ બતાવ્યો હતો.

પુજયશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ મહાન સમાજ સુધારક હતા. સનાતન ધર્મમાં પેઠેલી વિકૃતિઓને પુજયશ્રીએ પ્રચંડ પુરૂષાર્થ કરી દુર કરી, પુજયશ્રીએ ગામો ગામ વિચરણ કરી સમાજનાં અજ્ઞાન, વહેમ, વ્યસન, દંભ, પાખંડ, ભૂતપ્રેત, દોરા ધાગા, કુકર્મો, કુરિવાજો જે વર્ષાથી રૂઢ થયેલા હતાં તેને દૂર કરી સમજણ, વિવેક, જ્ઞાન અને વિનયનાં પાઠો ભણાવી, પ્રેમ કરૂણા અને માનવતાની અખંડ જયોત જલાવી હતી.

શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ, શ્રી માધવ પીઠાધીપતિ, આદર્શ સન્યાસી, બ્રહ્મ સાક્ષાત્કારી મહાપુરૂષ હતા. તેઓશ્રી માધવાનંદ પરિવારનાં સુવ્યવસ્થિત સંચાલન તંત્રનાં સ્થંભરૂપ હતા. સંપ્રદાયની સેવાના અનેક કાર્યોમાં

**ધર્મમાં દઢ વિશ્વાસ રાખવો જોઈએ**

www.OmShreeMadhavanandji.org

પહેલ કરી અદ્ભુત સેવા પણ કરેલી છે. પુજયશ્રી જે કાર્ય હાથ પર ધરતાં તે અવશ્ય પુરૂ કરીને જંપતા અનેકાનેક આંટી ઘુંટીઓનાં ગુંચવાડા વચ્ચેથી માર્ગ કાઢી લક્ષ્ય તરફ આગળ ધપવાનું મુશ્કેલ બનતું ત્યારે અનેક જીવાત્માઓ માટે પથદર્શક બની રહેતા.

પુજયશ્રી અખંડાનંદ સાગર મહારાજ કહેતા કે 'બ્રહ્મ સત્ય છે જગત મિથ્યા છે. આત્મા અમર છે. જ્ઞાનમાર્ગ સર્વથી શ્રેષ્ટ છે. જ્ઞાનરૂપી અગ્નિમાં બધા જ કર્મો બળને ભસ્મ થઇ જાય છે. તમારી ચેતનાને વિસ્તારવા સૌ જીવો પ્રત્યે સમભાવ રાખો, તમારી દ્રષ્ટિ અને હૃદય વિશાળ બનાવો, હંમેશા મુકતતાનો આનંદ લેવો. મનને સત્ય તરફ વાળવું સદા રહે તે સત્ય, શરિરને હું માનવું નહીં; હું આનંદ સ્વરૂપ આત્મા છું; સર્વ પ્રત્યે અદ્વૈતભાવ રાખો મારૂ, તારૂં એ સંસાર છે; પામર જીવે ભકિત કરવી, વિષયી જીવે ગુરૂનું જ્ઞાન લેવું ; મુમુક્ષુ જીવે સત્સંગ કરવો; મુકત થઇ બધાને મુકત કરો; કાયમ પુણ્ય કર્મ કરો; પુણ્ય હોય તો સારો સંગ મળે વહેમ વ્યસનથી દૂર રહેવું ; સર્વે સાથે સંપીને રહેવું ; કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા, નિંદા, મદ, ત્યાગવા ; શિક્ષાપત્રીનું પાલન કરવું; બાળકોને સારા સંસ્કાર આપવા ;

**સત્યથી કમાયેલા ધનનો સદુપયોગ કરવો જોઈએ**

www.OmShreeMadhavanandji.org

આત્મવાન થઈ રહે તેને કર્મ બંધન કરતા નથી; મનમાં સંતોષ રાખવો; ગુરૂ વચનનું પાલન કરવું; સ્વસ્વરૂપનું જ્ઞાન મેળવી જીવન ઉચ્ચ બનાવવું; રાગદ્વેષ છોડવાં; તમારી નિસ્વાર્થ ભાવનાને પ્રબળ બનાવો; આ દુનિયામાં બધું ક્ષણિક છે પરંતુ આ ક્ષણિક વસ્તુમાં રહીને જ તમારે જે નિત્ય છે, શાશ્વત છે, તેની શોધ કરવાની છે. તમારે આ નિત્ય અને ક્ષણભંગુર જીવન દ્વારાજ સત્ય શોધવાનું છે, નિત્ય સુખ અને અખંડ આનંદનો ખજાનો મેળવવાનો છે.'

આવા સદ્‌ઉપદેશ દ્વારા જીવનના આખરી શ્વાસ સુધી આ સાક્ષાત્કારી મહાપુરૂષે ''બહુજનહિતાય, બહુજન સુખાય'' એવં સર્વે જીવોના કલ્યાણઅર્થે લોહી વહાવ્યું છે. દેહ અને આત્માનાં સુભગ સમન્વયનાં માધ્યમથી પુજયશ્રીએ અનેક મુમુક્ષુજનોનાં ધર્મ સબંધી સંશયો દૂર કર્યા છે. નાસ્તિક જેવા અનેક મનુષ્યોને પુજયશ્રીએ આસ્તિક બનાવી ભકિતમય કર્યા છે. પુજયશ્રીનાં અલૌકિક દર્શન વડે તત્ત્વજ્ઞાનનાં સત્સંગે, પરમ નિઃસ્પૃહાએ અનેક દૈવિગુણોએ અનેકને નમાવ્યા છે. સર્વધર્મ પાલનમાં રસ લેતા કર્યા છે.

પુજય સ્વામીજીએ આત્મજ્ઞાનરૂપી મેઘનાં અમૃતબિંદુ વડે અનેક સદ્‌ભાગી માનવીની જીવનવાડીઓ સુજલામ્,



www.OmShreeMadhavanandji.org

સુફલામ્ અને મલય જ જેવી શીતલામ્ બનાવી છે. અનેક માનવને પશુજીવનમાંથી માનવ જીવન આપ્યું છે. સૂર્યોદય થતાં જેમ અંધકાર દૂર થાય છે તેમ તેઓશ્રીનાં કૃપા કટાક્ષ વડે ઘણાં મુમુક્ષુ જીવોનું અજ્ઞાન, અવિદ્યા અને દુઃખ વિલાય ગયા છે. અને અખંડ આનંદનાં, શાંતિના સાગર છલકાયા છે. પુજયશ્રીએ દેહની પરવા કર્યા વિના સખત અને સતત પુરૂષાર્થ કરીને જ્ઞાનગંગાના વારિ રેલાવી ઉજ્જડ બાગોને નવપલ્લવિત કર્યા છે. મડદા સમાન મનુષ્યમાં પ્રાણપુરી ચેતનવંત બનાવ્યા છે. આવા મહાન સંસ્કાર શિલ્પી, ત્યાગમુર્તિ, આદર્શ સન્યાસી, ચૈતન્યભંડાર, કનક કાંતાના ત્યાગી પ્રગટ બ્રહ્મસ્વરૂપ, હૃદય સમ્રાટ, મહામંડલેશ્વર સ્વામિશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રી આતંરરાષ્ટ્રિય માધવાનંદ આશ્રમ, સુઘડ (અમદાવાદ) મુકામે સંવત ૨૦૫૬નાં વૈશાખ સુદ ૧૧ને રવિવાર તા.૧૪/૫/૨૦૦૦નાં સવારનાં ૮–૪૫ કલાકે બ્રહ્મલીન થયા. જયોતમાં જયોત વિલીન થઇ અને જયોતિર્મય થઇ ગયાં. પુજશ્રીની આ અણધારી વિદાયથી શિષ્યો એવં સેવક સમુદાય પર વજ્રઘાત થયો. સમગ્ર માધવાનંદ પરિવાર પર ઘેરા શોકના વાદળ છવાઇ ગયાં.

**દુર્જનના સંગથી દૂર રહીને સજ્જનનો સંગ કરવો જોઇએ**

www.OmShreeMadhavanandji.org

પુજયશ્રીનાં સર્વે શિષ્યો એવં સર્વે સેવક સમુદાય રડતા હૃદયે સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજના પાર્થિવ દેહને આંતર રાષ્ટ્રીય માધવાનંદ આશ્રમ સુઘડ (અમદાવાદ) થી પુણ્ય સલીલા નર્મદા મૈયાનાં પાવન તીરે શ્રી માધવાનંદ આશ્રમ (શ્રી શિવોહં સાગર અન્નક્ષેત્ર ટ્રસ્ટ) ચાણોદની પરમ પવિત્ર ધરતીમાં વિશાળ સેવકગણની હાજરીમાં સમાધી આપી.

પુજય ગુરૂદેવે જીવનના અંતિમ શ્વાસ સુધી ભારતિય સંસ્કૃતિનો સનાતન ધર્મનો, પુ.સદ્‌ગુરૂવર્ય સ્વામી શ્રી શીવોહંસાગરજી મહારાજના આદેશનો અમર સંદેશ શ્રી માધવાનંદ પરિવાર તેમજ દેશ વિદેશ ગુજરાત સૌરાષ્ટ્ર એવં ગામડાની ધરતી ખુંદીને આમ જનતા સુધી પહોંચાડયો. અલખ નિરંજનની અખંડ ધૂન ગજાવી જીવનનો મર્મ સમજાવી આપણને મુકિતનો માર્ગ દર્શાવ્યો. પરાર્થે જાત ઘસી, પ્રબળ પુરૂષાર્થ વડે ભકતોમાં શ્રદ્ધાની સરવાણી વહાવી.

**જીવન ''સત્યમ્ શિવમ્ સુંદરમ્'' બને તેવી ક્રિયાઓ કરવી જોઈએ**

www.OmShreeMadhavanandji.org

તો આવો આપણે આ ધર્મ ધુરંધર, કરૂણાના સાગર, અનંત ઉપકારી,ચૈતન્ય ભંડાર, સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજના આદર્શો, સિદ્ધાંતોને આત્મસાત કરી પુજયશ્રીએ કંડારેલ કેડીએ પ્રયાણ કરીએ એવં પુજયશ્રીએ નિર્દેષિત કરેલ સત્કાર્યોને તન,મન,ધનથી વેગ આપી આગળ ધપાવીએ અને ગુરૂ ઋણમાંથી મુકત થઈએ.

પાયા અમૃત જ્ઞાનના સૈદેવ શાંતિ શ્રેયના।
બાળ્યા વિકારો વહેમ વ્યસનો પ્રપંચો જે પ્રેયના।
પરાર્થે સીંચ્યા રૂધિર ભવ્ય હતી તવ ભાવના।
અમે કદિ નવ ભુલીશું એ સંભારણા શ્રદ્ધેયના।

ब्रह्मानंदं परमसुखदं केवलं ज्ञानमूर्तिम् ।
द्वन्द्वातीतं गगनसदशं तत्वमस्यादिलक्ष्यम् ।।
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षिभूतम् ।
भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ।।

**રાત્રે પ્રાર્થના—ધુન ધ્યાન કરીને શયન કરવું જોઈએ**

www.OmShreeMadhavanandji.org

# પૂજ્ય સ્વામીશ્રીનું ધર્મ પ્રવર્તન અભિયાન

સંકલન : શ્રી યશંવતભાઇ ડી. સુતરિયા

પૂજય અખંડાનંદ સાગર મહારાજે ૧૯૬૧માં બ્રહ્મચર્ય દિક્ષા લીધા બાદ ૧૯૬૨થી ૧૯૭૨ સુધી કાશી સ્થિત શ્રી દક્ષિણામૂર્તિ સંસ્કૃત મહાવિદ્યાલયમાં ભારતીય સંસ્કૃતિનાં સારરૂપ ગ્રંથોનો અભ્યાસ કરી વારાણસીની વિશ્વવિદ્યાલયમાં વેદાન્તાચાર્યની પદવી પ્રાપ્ત કરી. તે દરમિયાન જ ૧૯૬૯માં તેઓ શ્રીનું મેધાવી જ્ઞાન-યોગ્યતા જોઇ શ્રી પ. પુ. સ્વામી શિવોહંસાગરજી મહારાજશ્રી એ સંન્યસ્તદિક્ષા અર્પણ કરી બ્રહ્મનિષ્ટ બનાવ્યા. ૧૯૮૨માં પ્રયાગરાજમાં કુંભપર્વે નિરંજની અખાડાના મહામંડલેશ્વરો તથા મહંતો દ્વારા મહામંડલેશ્વરની પદવી આપવામાં આવી. સન્યસ્ત દિક્ષા અને જ્ઞાનગ્રહણ બાદ પુજય સ્વામિજીએ ધર્મ પ્રવર્તનનું મહાઅભિયાન હાથ પર ધર્યુ. અને સતત વિચરણ દ્વારા સંખ્યાબંધ સ્થળોએ જ્ઞાનોપદેશ દ્વારા સદ્ધર્મ અને સદાચારનો સદ્ઉપદેશ આપ્યો.

ગુજરાત, ભારત જ નહિ પરંતુ વિદેશોમાં પણ ધર્મ પ્રવર્તન માટે મહાઅભિયાન આદર્યુ. ૧૯૮૩માં પુજયશ્રીએ બ્રિટનની યાત્રા ભકતવૃંદનાં આગ્રહને માન આપીને ધર્મ



www.OmShreeMadhavanandji.org

પ્રચારાર્થે કરી ૧૯૮૬ માં સેવક સમુદાય સાથે નેપાળની યાત્રા કરી. ત્યારબાદ ૧૯૮૭,૧૯૮૮, ૧૯૯૧, ૧૯૯૨,૧૯૯૩,૧૯૯૪,૧૯૯.૫,૧૯૯૭,૧૯૯૮, ૧૯૯૯નાં વર્ષો દરમ્યાન અમેરીકા, ઇંગ્લેંડ, કેનેડા, બેલ્જીયમ આદિ દેશોમાં વસતા બિન નિવાસી મુમુક્ષુ જનોનાં આગ્રહથી પરિભ્રમણ કરી ભારતીય સંસ્કૃતિને જાગૃત રાખવા અથાગ પ્રયાસો કર્યા. પુજયશ્રીએ ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં સ્થપાયેલા ૪૭ આશ્રમોમાં પ્રથમથી જ, ભવિષ્યનો વિચાર કરીને જુના અને જર્જરીત આશ્રમોના નૂતનકાર્યો કરાવી સુંદર આશ્રમો બનાવ્યા. જયાં જે ગામોએ આશ્રમો હતા જ નહીં ત્યાં સેવકોને ગુરૂભકિત માટે આશ્રમની જરૂરત સમજી નવા આશ્રમો બનાવ્યા. છેલ્લે પ.પૂ. સ્વામીજીની શુભ પ્રેરણાથી શિકાગો-યુ.એસ.એ. માં અને ન્યુજર્સી નજીકમાં સંસ્કાર કેન્દ્ર પણ શરૂ કરાયેલ છે.

પ.પૂ. સ્વામીજી ખરેખર એક યુગપુરૂષ દીર્ઘ દ્રષ્ટા પણ હતા. આ તમામ આશ્રમોમાં નિયમીત સમયાંતરે પધારી મુમુક્ષુ જનોને,સેવકોને જ્ઞાનોપદેશ કરતા રહ્યા હતા. પુજયશ્રીનો પ્રત્યેક દિન કથા-વાર્તા તેમજ જ્ઞાનોપદેશ વિના રહેતો નહોતો. આમ સંસારમાં મનુષ્યરૂપ વૃક્ષોને જ્ઞાનરૂપી

**માતા–પિતા અને ગુરૂને નિત્ય વંદન કરવા જોઇએ**

www.OmShreeMadhavanandji.org

અમૃતજળ જીવનકાર્યની છેલી ક્ષણ સુધી વહાવીને પુજય સ્વામીજીએ સર્વેને મહાઋણી કરી કૃતાર્થ કર્યા છે.

સનાતન ધર્મ નો ઝંડો ફરકતો રાખવા માટે પૂ. સ્વામીજીના વિદ્વાન શિષ્યો પણ છે. સનાતન ધર્મ-વૈદિક ધર્મ કાર્યકરી રહ્યા છે તેવા સંતો પૂ. સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ, પૂ.સ્વામી શ્રી પ્રકાશાનંદજી મહારાજ, પૂ. સ્વામીશ્રી ભૂમાનંદજી સાગર મહારાજ, પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદજી મહરાજ, પૂ. સ્વામીશ્રી વિવેકાનંદજી મહારાજ તેમજ શાસ્ત્રીશ્રી સુરેશ્વરાનંદજી, શાસ્ત્રી શ્રી હરિહરાનંદજી, શાસ્ત્રી શ્રી મોહનાનંદજી પણ મુમુક્ષુ જનોને જ્ઞાનોપદેશ આપી રહેલ છે.

## પુજય સ્વામીજીનું સામાજીક ઉર્દ્વીકરણ અભિયાન

સંકલન : એન. કે. વીઠાણી

પ.પુજય પ્રાતઃ સ્મરણિય શ્રી મહામંડલેશ્વર અનંત વિભુષિત સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતા હેઠળ સ્થપાયેલ ૪૭ સ્વાધ્યાય કેન્દ્ર-આશ્રમોમાં નિત્યપ્રતિ પુજા, પાઠ, આરતી, પ્રાર્થના, સત્સંગ અને જ્ઞાનોપદેશની સરિતા અનંત વહેતી થઇ હતી. આ આશ્રમ



www.OmShreeMadhavanandji.org

કેન્દ્રોમાં મુખ્યત્વે ભાવનગર, સુરત, આકરૂ, ધર્મજ, ચાણોદ, ઓઝરાળા, નાપાડ અને મુંબઇ-બોરીવલી શાખા મુખ્ય છે. અને ભકતજનો અવિરત જ્ઞાન પ્રાપ્ત કરી સદાચારી જીવનમાં સતત પ્રવર્તી રહ્યા છે.

પુજય સ્વામીજીએ વિદ્યાક્ષેત્રે પણ અનુપમ પ્રદાન કર્યું છે. ચાણોદમાં વિદ્યાર્થીઓ માટે છાત્રાલય સ્થાપ્યું છે. જયાં રહીને છાત્રો સંસ્કાર સાથે વિદ્યાભ્યાસ કરી ઉન્નત જીવનપથ પ્રતિ ગતી કરી રહ્યા છે.

બાકરોલ-વિદ્યાનગર ખાતેનું ભવ્યાતિત ભવ્ય છાત્રાલય સ્વામીશ્રીનાં કેળવણી ક્ષેત્રમાં પ્રદાનમાં શિરમોર જેવું છે. આ અનુપમ છાત્રાલયમાં રહીને વિદ્યાર્થીઓ કોલેજ તેમજ ઉચ્ચશિક્ષણ, નૈસર્ગિક વાતાવરણમાં લઇ રહ્યા છે. આ છાત્રાલયમાં વૃક્ષોનાં પાંદડે પાંદડે સ્વામીશ્રીની અનુપમ કૃપા લખાઇ ચુકી છે.

પુજય સ્વામીશ્રીએ તપાનુરાગી મુમુક્ષોને પણ ભુલ્યા નથી. દેવભુમિ હરિદ્વાર ખાતે આશ્રમ સ્થાપીને તપાનુરાગી મુમુક્ષો માટે છત્ર પુરૂ પાડવાનું પણ સ્વામીશ્રી કેમ ભુલે ? એટલે તો આ મહત્વનનાં પ્રોજેકટમાં સ્વામીજી એટલા વ્યસ્ત રહેતા કે શરીરને તો તદન ભુલી ચુકયા હતા.

પુજય સ્વામીજીએ સાહિત્ય ક્ષેત્રે પણ અમુલ્ય પ્રદાન કર્યું છે. પુજય શ્રી એ કૈવલ્ય ઉપનિષદ, ગુરૂગીતા, વિજ્ઞાનનૌકા, ચિદાત્મબોધ, જીવનપ્રકાશ, મણીરત્નમાળા,

આદિ ગ્રંથો ઉપર ગુજરાતી ટીકા લખી આ સદ્‌ગ્રંથોને લોકાભોગ્ય બનાવીને સામાન્ય જન સુધી પહોંચાડયા છે. પુજય શ્રીએ કિર્તન કલિકા નામક પુસ્તકમાં સ્વરચિત કીર્તન પ્રકાશિત કરેલ છે. નિરંતર જ્ઞાન-પ્રવર્તન માટે પુજય સ્વામીશ્રીએ ‘‘વેદ રહસ્ય’’ નામની માસિક પત્રીકા પ્રકાશિત કરવાનું આયોજન કર્યુ. આ વેદ રહસ્ય માસિક દેશ વિદેશમાં સનાતન ધર્મનું જ્ઞાન નિરંતર પ્રવર્તાવે છે.

પુજય સ્વામીજીએ આરોગ્યક્ષેત્રે પણ પ્રદાન કર્યુ છે. ચાણોદમાં દવાખાનું સ્થાપેલ છે. તેમજ વિસ્તૃત રોગ નિદાન કેમ્પનું તથા દંતયજ્ઞનું પણ આયોજન કરીને વિશાળ સમુદાયને લાભાન્વીત કરેલ છે. પુજય સ્વામીજી ગૌસેવા પરત્વે પણ જાગૃત હતા ચાણોદમાં ગૌશાળા સ્થાપેલ છે. જયાં ગાયોની પ્રશંસનીય સેવા-સુશ્રુષા કરવામાં આવી રહી છે. પુજય સ્વામીજી હાલની ૨૧મી સદીમાં બાળકો યુવાનોનાં સંસ્કાર આચાર જળવાઇ રહે તે માટે બહુ જ જાગૃત હતા. અને તેથી ‘બાલ સંસ્કાર ’શિબિરોનું આયોજન કરી બાળકોમાં ભારતીય સંસ્કારોનું સિંચન કરવાનું અભિયાન પ્રવર્તાવેલ હતું. અને સુધડ મુકામે આવી જ બાલ સંસ્કાર શિબિરનાં અંતિમદિને આ પુણ્ય જયોતિ મહાજયોતિમાં વિલીન થઇ જયોતિર્મય થઇને બ્રહ્મલીન થયા.

**રોજ સવારે વહેલા જાગીને સચ્ચિદાનંદ પરમાત્માનું ધ્યાન–સ્મરણ કરવું**

www.OmShreeMadhavanandji.org

# અલખની વિદાય

રજુ. વિઠ્ઠલભાઇ (જીવ)

(રાગ : મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા)

અખંડની યાદ મને પળ પળ સતાવતી
વસમો લાગે છે વિયોગ રે
સદ્દગુરૂ સ્વામીજી સાંભરે . ટેક

નીંદ્રા ન આવે નથી ભોજનીયા ભાવતા
ડગલે પગલે એના ભણકારા વાગતા
દિલડામાં કંઇ કંઇ થાય રે, સદ્દગુરૂ સ્વામીજી સાંભરે – અખંડ–૧

પડઘા પડેને ભાસે ભેંકાર રાતડી
તસવીર દેખું ને રડે ચોધાર આંખડી
ઘડી ઘડી મનડું મુંઝાય રે, સદ્દગુરૂ સ્વામીજી સાંભરે – અખંડ–૨

અમે બડભાગી હતા આપના સંયોગથી
મુખડા ઉદાસ આજ આપના વિયોગથી
નોધારા થયા અમે બાળ રે, સદ્દગુરૂ સ્વામીજી સાંભરે – અખંડ–૩

કાયમ પીતા'તા અમે અમૃતના ઘુંટડા
આજે લીધા તમે અમોથી રૂસણા
વેરણ વિધાતા થઇ આજ રે, સદ્દગુરૂ સ્વામીજી સાંભરે – અખંડ–૪

અમને છોડાવ્યા તમે ભવભવના બંધથી
વેદ ગીતાના જ્ઞાન આપીને પ્રેમથી
અભયના આપ્યા વરદાન રે, સદ્દગુરૂ સ્વામીજી સાંભરે – અખંડ–૫

તારૂ મારૂને જુઠ, સ્વારથ છોડાવતા
સત્ય સમતાની શીખ આપી સમજાવતા
'જીવ' તજાવ્યા અજ્ઞાન રે ,સદ્દગુરૂ સ્વામીજી સાંભરે – અખંડ–૬

**ગુરૂ તો મારા પારસમણી રૂપ છે**

www.OmShreeMadhavanandji.org

# પુજય સ્વામિશ્રીના શ્રી કર કમળે લીખીત પ્રસાદીત

# બ્રહ્મોપદેશનો સાર સંચય

રજૂ કર્તા : શ્રી ઓધવજીભાઇ રામજીભાઇ પટેલ

યદં તત્ત્વમસિનાત તત્ત્વચિન્તન કરીને ભય મુક્ત થવું।
सदैव सोम्येदं अग्रमासीत् एकमेवाद्वितीयं ब्रह्म "

" સર્વ પ્રથમ એક સત જ હતું તેજ સર્વવ્યાપક બ્રહ્મતત્ત્વ છે
સત સદા રહે છે તેને કાળનો ભય નથી કાળતો અનિત્યને
નડે છે સત ને કાળનો ભય હોતો નહીં, જેમ રાજપુરુષનો
ભય ગુનેગારને હોય છે, નિર્દોષ માનવ ને ~~કોઈ~~ ભય ~~હોતો નથી~~
તેમ સત ને પરમાત્માનો પણ ભય હોતો નથી સત ચિત
આનન્દ સ્વરૂપજ પરમાત્મા છે"

" હું દેહ નથી દેહ મારો નથી હું અજર અમર શુદ્ધ બુદ્ધ
આત્મા છું તેથી મારામાં વૃદ્ધ અવસ્થાનો ભય નથી અમર હોવાથી
મરવાનો ભય નથી શુદ્ધ હોવાથી બગડવાનો ભય નથી જ્ઞાનરૂપ
હોવા પરાધીનતાનો ભય નથી અને સુખરૂપ છું તેથી દુઃખનો
ભય નથી હું પ્રભુમાં છું અને પ્રભુ મારામાં છે તેથી ખાવાપીવા
કે જીવવાનો કોઈ પ્રકારનો ભય નથી "

आनंदं ब्रह्मणो विद्वान न बिभेति कदाचन।

" હું સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપ છું તેમ ~~[illegible]~~ વિદ્વાન કોઈકાળે
કોઈ પણ અવસ્થામાં ભય રાખતો નથી સદા નિર્ભય થઈ તે
આનંદ પૂર્વક જીવન જીવે છે.

જે સર્વમાં એક આત્મા તેમ દૃઢ જ્ઞાન થાય છે ત્યારે તે જ્ઞાનીને
~~[illegible]~~ એકતા જોવાથી મોહ કે શોક થતા નથી।

વસ્તુ મળવાથી ભેદ દર્શીને મોહ થાય છે કે આ સર્વ વસ્તુઓ
મારી થઈ ગઈ છે. બીજા નાના થઈ ગયા ને હું મોટો થઈ ગયો
તેમ અભિમાન થાય છે અને જ્યારે તેજ વસ્તુનો પોતાની
પાસે થી બીજાની પાસે જાય છે ત્યારે શોક થાય છે

**સાચા સદ્‌ગુરુ જ જીવન સાથી છે.**

www.OmShreeMadhavanandji.org

# ભજન

(રાગ : ચપટી ભરી ચોખાને)

ચિતના ચોખાને પ્રેમના પુષ્પો
ધીરજના ધુપ લઈને રે...
ચાલો ચાલો ચાણોદ ધામ જઈએ રે
પીપળીયા ગામથી સેવકો આવતા,
દલના દિવા લઈને રે...
ચાલો ચાલો ચાણોદ ધામ જઈએ રે
ભાવનગર ગામથી સેવકો આવતા,
ચિતના ચંદન લઈને રે...
ચાલો ચાલો ચાણોદ ધામ જઈએ રે
ચમારડી ગામથી સેવકો આવતા,
પ્રેમના પુષ્પો લઈને રે...
ચાલો ચાલો ચાણોદ ધામ જઈએ રે
નાવડા ગામથી સેવકો આવતાં,
હરી નામના નૈવધ લઈને રે...
ચાલો ચાલો ચાણોદ ધામ જઈએ રે
કંથારીયા ગામથી સેવકો આવતા,
વાણીએ સ્તુતિ કરતા રે...
ચાલો ચાલો ચાણોદ ધામ જઈએ રે
ઓજરાળા ગામથી સેવકો આવતા,
પ્રેમથી દંડવત કરતા રે...
ચાલો ચાલો ચાણોદ ધામ જઈએ રે
સુરત ગામથી સેવકો આવતાં,
પગની પરક્મા કરતાં રે...
ચાલો ચાલો ચાણોદ ધામ જઈએ રે
સર્વે ગામથી સેવકો આવતાં,
અંતરથી આરતી ઉતારતા રે...

**કોઈપણ પ્રકારનું વ્યસન કરવું નહીં**

www.OmShreeMadhavanandji.org

ચાલો ચાલો ચાણોદ ધામ જઈએ રે
અમીભરી દ્રષ્ટિ અમ પર રાખજો,
અંતરમાં દર્શન દેજો રે...
*દેવકુંવરબેન જીવરાજભાઈ મોણપરા*
*હંસાબેન અરવિંદભાઈ મોણપરા*

# ભજન

હંસા ! નેણા ઠરે ને નાભિ હસે,
જેના દર્શનથી દુઃખ જાય, દુર્લભ એવા ગુરૂ હતા.
હંસા ! ભમરી જેવી જેની ભાવના,
કરી પોતાના રૂપ રાજી થાય, દુર્લભ એવા ગુરૂ હતા
હંસા ! વાણી જેની હતી અમૃત જેવી,
પીતા આવે અમીના ઓડકાર, દુર્લભ એવા ગુરૂ હતા
હંસા ! નિર્મળતા જેના નયનમાં;
શેષ દ્રષ્ટિ નવ હૈયે લગાર, દુર્લભ એવા ગુરૂ હતા.
હંસા ! બ્રહ્મસ્વરૂપ ભાળે, બ્રહ્માંડમાં,
જેની વૃત્તિ અખંડ બ્રહ્માકાર, દુર્લભ એવા ગુરૂ હતા
હંસા ! દાસ ભકતોની વિનંતી,
ગુરૂની મહેર થાતા બેડો પાર, દુર્લભ એવા ગુરૂ હતા

*કમળાબેન ઓધવજીભાઈ મોણપરા*
*રંભાબેન જાદવભાઈ મોણપરા*

**પરમાત્મા સત્ ચિત્ અને આનંદ સ્વરૂપ છે.**

www.OmShreeMadhavanandji.org

# "મારા સૌને સચ્ચિદાનંદ"

ૐ

ગુરૂ ગુણ ગાજો રે મારા સહુને સચ્ચિદાનંદ
આનંદમાં રહેજો રે મારા સહુને સચ્ચિદાનંદ

જગમાં રહેવુ તો એમ જળમાં કમળની જેમ
રૂડા રાખો નેમ રે મારા સહુને સચ્ચિદાનંદ

સુખમાં ફુલશો નહી દુઃખમાં ડૂલશો નહી
એક રસ રહેજો રે મારા સહુને સચ્ચિદાનંદ

આશા તૃષ્ણા દુર કરો ચિત્તમાં સંતોષ ધરો
નિજા નંદમાં રહેજો રે મારા સહુને સચ્ચિદાનંદ

પ્રભુજીનું ધ્યાન ધરો હૈયામાં ઉમંગ ભરો
પરોપકાર કરો રે મારા સહુને સચ્ચિદાનંદ

પ્રેમ તણા પાઠ ભણો સહુને સમાન ગણો
કોઈ જીવ ન હણો રે મારા સહુને સચ્ચિદાનંદ

માન ને મમતા મેલો અવસર આ છે છેલ્લો
સચ્ચિાનંદમાં ખેલો રે મારા સહુને સચ્ચિદાનંદ

રચયિતા : પૂ. સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ

**ધર્મનું રક્ષણ કરશો તો જ ધર્મ તમારું રક્ષણ કરશે.**


www.OmShreeMadhavanandji.org

॥ ૐ શ્રી પરમાત્માને નમઃ ॥



## પ્રગટ પ્રભુ પરમાત્મા સ્વામીશ્રી
## માધવાનંદજી મહારાજ

www.OmShreeMadhavanandji.org



જય સચ્ચિદાનંદ

બ્રહ્મલીન
મહા મંડલેશ્વર
**સ્વામી અખંડાનંદ સાગરજી મહારાજ**, વેદાંતાચાર્ય
(સવંત ૨૦૫૬, વૈશાખ સુદ-૧૧, તા. ૧૪-૫-૨૦૦૦)

## શ્રી માધવાનંદ આશ્રમ
દયારામ પુરી, પોસ્ટ : ચાણોંદ, તાલુકો : ડભોઈ જીલ્લો : વડોદરા.
ફોન. (૦૨૬૬૩) ૩૩૩૬૨

## શ્રી માધવ ગુરૂકુળ
એસ. ડી. દેસાઈ હાઈસ્કૂલ સામે, બાકરોલ, વલ્લભવિદ્યાનગર, જીલ્લો : આણંદ.
ફોન. (૦૨૬૯૨) ૩૧૧૯૭

## શ્રી માધવાનંદ આશ્રમ (આંતરરાષ્ટ્રીય)
શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર-અમદાવાદ એરપોર્ટ રોડ,
નર્મદા કેનાલની બાજુમાં, મુ. સુઘડ, કોબા સર્કલ પાસે, જીલ્લો : ગાંધીનગર.
ફોન. (૦૨૭૧૨) ૭૬૧૫૧

## શ્રી માધવાનંદ આશ્રમ
દક્ષેશ્વર માર્ગ, જગજીતપુર, કનખલ, હરિદ્વાર, ઉત્તરપ્રદેશ.
ફોન. (૦૧૩૩) ૪૧૬૬૭૫

## શ્રી માધવાનંદ આશ્રમ
ન્યુ એરોડ્રામ રોડ, (વેદરહસ્ય કાર્યાલય) પટેલ પાર્ક, ભાવનગર-૩૬૪ ૦૦૧
ફોન. P.P. (૦૨૭૮) ૪૨૮૬૧૪

## શ્રી માધવાનંદ આશ્રમ
કતાર ગામ રોડ, સુરત

મુદ્રક : પ્રકાશ પ્રિન્ટરી * નવાપરા, ભાવનગર. * ફોન નં. ૪૨૧૫૬૯




ॐ

For more information about

**Shree Madhavanand Ashram**

please visit our website

**www.OmShreeMadhavanandji.org**